# primary school

**ધોરણ 6 ગણિત**
**પાઠ ,7,8,9**

**કુલ ગુણ : 163**

## Section A

*** સાચો વિકલ્પ પસંદ કરી લખો : (દરેકનો 1 ગુણ)** **[10]**

1. $\frac{1}{6} + \frac{8}{6}$ = ( ? )
   (A) $\frac{3}{4}$ (B) $\frac{4}{3}$ (C) $\frac{2}{3}$ (D) $\frac{3}{2}$
2. $\frac{9}{10} + \frac{3}{5}$ = ( ? )
   (A) $\frac{10}{15}$ (B) $\frac{4}{3}$ (C) $\frac{3}{10}$ (D) $\frac{15}{10}$
3. $\frac{15}{23}$ .......... $\frac{15}{28}$
   (A) > (B) < (C) = (D) ≥
4. 87.421 માં 4 ની સ્થાનકિમત ....... છે.
   (A) $\frac{4}{1000}$ (B) $\frac{4}{100}$ (C) $\frac{4}{10}$ (D) 400
5. 3.5 મીટર = ......... સેમી
   (A) 35 (B) 350 (C) 3500 (D) 35000
6. $400 + \frac{5}{100}$ ને દશાંશ સ્વરૂપમાં લખતાં શું જવાબ મળે?
   (A) 40.05 (B) 400.005 (C) 400.5 (D) 400.05
7. $\frac{6789}{100} =$ .......
   (A) 6 .789 (B) 67.89 (C) 678.9 (D) 0.6789
8. 1.2 + 2.3 + 3.4 =...........
   (A) 6.9 (B) 123.234 (C) 6.234 (D) 6.4
9. નીચે આપેલ આકૃતિ એ કેટલી આવૃત્તિ દર્શાવતો હશે ?
   (A) 5 (B) 4 (C) 7 (D) 6
10. ______________પર લંબચોરસ સ્તંભ દર્શાવાય છે.
   (A) X-અક્ષ (B) Y- અક્ષ (C) ઊગમબિંદુ (D) XY-અક્ષ

*** ખાલી જગ્યા પૂરો. (દરેકનો 1 ગુણ)** **[10]**

11. $2\frac{1}{2} + 3\frac{1}{2} =$..........
12. $\frac{2}{17}$, $\frac{6}{17}$ અને $\frac{12}{17}$આ અપૂર્ણાંકો.......... અપૂર્ણાંક છે. (મિશ્ર, અશુદ્ધ,સમચ્છેદી)
13. $\frac{7}{2}$ ને દશાંશ સંખ્યામાં ........લખાય
14. 8.025ને શબ્દોમાં .......... લખાય
15. 19.1 - 14.54 = __________
16. 7.4 - 5.24 = __________
17. 3.250 ગ્રામ એટલે __________ કિલો __________ ગ્રામ.

18. 45 સેમીને દશાંશમાં ________ મીટર લખાય.

19. 0.49 અને 0.61 આ બે સંખ્યામાં ________ મોટી સંખ્યા છે.

20. 0.6 ને સાદા અપૂર્ણાંકમાં ________ લખાય.

## Section B

*** આપેલ વિધાન ખરું છે ખોટું તે જણાવો: (દરેકના 1 ગુણ)** **[10]**

1. $\frac{6}{7}$ અને $\frac{7}{6}$ માં $\frac{7}{6}$ મોટો અપૂર્ણાંક છે.
2. $\frac{4}{7}$ એ $\frac{3}{4}$ કરતાં મોટો અપૂર્ણાંક છે.
3. $\frac{45}{50}$ નું અતિસંક્ષિપ્ત સ્વરૂપ $\frac{9}{10}$ છે.
4. $\frac{13}{13}$ અપૂર્ણાંકની કિંમત 13 છે.
5. 3.468 માં 8 ની સ્થાનકિંમત $\frac{8}{1000}$ છે.
6. 0.5 અને 0.500 એક જ સંખ્યા છે.
7. 5 મિલિને દશાંશમાં 0.5 લિટર લખાય.
8. 0.16ને અપૂર્ણાંકમાં $\frac{4}{25}$ લખાય.
9. $\frac{625}{10}$ ને દશાંશમાં 62.5 લખાય.
10. 70 પૈસા= ₹ 0.700

*** નીચેના પ્રશ્નોનાં માગ્યા મુજબ મુજબ જવાબ લખો :** **[20]**

11. બાદબાકી કરો : 250 મીટરમાંથી 202,54 મીટર
12. આપેલી સંખ્યાને શબ્દોમાં લખો: 5.7
13. આપેલી સંખ્યાને શબ્દોમાં લખો: 18.236
14. આપેલી સંખ્યાને શબ્દોમાં લખો: 6.005
15. આપેલી સંખ્યાને અંકમાં લખો: આઠ શતાંશ
16. આપેલી સંખ્યાને અંકમાં લખો: ચાર પૂર્ણાંક પાંચ દશાંશ
17. આપેલી સંખ્યાને અંકમાં લખો: અગિયાર પૂર્ણાંક ત્રેવીસ સહસ્ત્રાંશ
18. આપેલી સંખ્યાને અંકમાં લખો: એકાવન સહસ્ત્રાંશ
19. સરવાળો કરો : $25.65 + 9.005 + 3.7$
20. આપેલી સંખ્યાને શબ્દોમાં લખો : 40.015

*** નીચેના પ્રશ્નોનાં માગ્યા મુજબ જવાબ લખો :** **[8]**

21. આપેલા અપૂર્ણાંકને દશાંશ-અપૂર્ણાંક માં દર્શાવો : $\frac{13}{2}$
22. આપેલા અપૂર્ણાંકને દશાંશ-અપૂર્ણાંક માં દર્શાવો : $\frac{17}{25}$
23. આપેલા અપૂર્ણાંકને દશાંશ-અપૂર્ણાંક માં દર્શાવો : $11\frac{13}{20}$
24. આપેલા અપૂર્ણાંકને દશાંશ-અપૂર્ણાંક માં દર્શાવો : $9\frac{3}{5}$

*** માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** **[10]**


25. છેદ 24 હોય તેવા નીચેના અપૂર્ણાંકોના સમાન અપૂર્ણાંકો લખો: $\frac{2}{3}$
26. અપૂર્ણાંકો શબ્દોમાં લખો : $\frac{9}{13}$
27. અપૂર્ણાંકો અંકોમાં લખો : તેર વીસાંશ
28. શુદ્ધ અપૂર્ણાંક આપો : (a) જેનો અંશ 5 હોય અને છેદ 7 હોય . (b) જેનો છેદ 9 હોય અને અંશ 5 હોય .
29. .......... માં >, < કે = સંકેત મૂકો: $\frac{2}{3}$ .......... $\frac{3}{4}$
30. દશાંશ-અપૂર્ણાંકોમાં ફેરવો. (1) $\frac{1}{18}$ (2) $\frac{17}{4}$
31. સરવાળો કરો : 47 + 4.775 + 0.047
32. 10.6ને સ્થાનકિંમતના કોષ્ટકમાં લખો.
33. 48.75 + 60.31નો સરવાળો કરો.
34. 3 કે 0.8માંથી કઈ સંખ્યા મોટી છે ?

## Section C

*** માગ્યા મુજબ જવાબ આપો. (દરેકના 2 ગુણ)** **[20]**

1. નીચેના અપૂર્ણાંકોનું અતિસંક્ષિપ્ત રૂપ આપો : (i) $\frac{2}{12}$ (ii) $\frac{3}{15}$ (iii) $\frac{8}{50}$ (iv) $\frac{16}{100}$ (v) $\frac{10}{60}$ (vi) $\frac{15}{75}$
2. ઉકેલો : (i) $\frac{2}{5}+\frac{1}{6}$ (ii) $\frac{4}{5}+\frac{2}{3}$ (iii) $\frac{5}{6}-\frac{1}{3}$
3. બાદબાકી કરો:$10-\frac{3}{4}$
4. સરવાળા કરો : $\frac{5}{13}+\frac{7}{13}=$
5. દશાંશનો ઉપયોગ કરી સેમી સ્વરૂપે દર્શાવો : (a) 5 મિમી (b) 60 મિમી (c) 164 મિમી (d) 9 સેમી 8 મિમી
6. 2.29 માંથી 0.95 બાદ કરો :
7. સરવાળા કરો.
   0 .8 + 0 .6
8. સરવાળા કરો.
   3.9 + 47.8 + 12.83
9. દશાંશનો ઉપયોગ કરી 5 મિમીને સેમી સ્વરૂપે દર્શાવો.
10. 1998થી 2002 દરમિયાન સરકારે ખરીદેલ ઘઉંનો જથ્થો દર્શાવતો લંબ આલેખ નીચે આપેલ છે.
    લંબ આલેખ વાંચી તમારાં અવલોકનો લખો કે કયા વર્ષમાં –
    (i) ઘઉંનું ઉત્પાદન સૌથી વધુ હતું ?

(ii) ઘઉંનું ઉત્પાદન સૌથી ઓછું હતું ?




*** માગ્યા મુજબ જવાબ આપો. (દરેકના 3 ગુણ)** **[30]**

11. અપૂર્ણાંકોની સરખામણી કરો અને ' < ' અથવા ' > ' અથવા ' = ' નાં સંકેત મૂકો :(i) $\frac{1}{6}$ _____ $\frac{1}{3}$ (ii) $\frac{3}{4}$ _____ $\frac{2}{6}$ (iii) $\frac{2}{3}$ _____ $\frac{2}{4}$ (iv) $\frac{6}{6}$ _____ $\frac{3}{3}$

12. ગણતરી કરી યોગ્ય સંકેત મૂકો : ( ' < ' , ' > ' , ' = ' ) : (i) $\frac{3}{4}$ _____ $\frac{7}{8}$ (ii) $\frac{5}{7}$ _____ $\frac{15}{21}$

13. સરવાળા કરો :$\frac{4}{5}+\frac{9}{10}+\frac{11}{15}$

14. નીચેના અપૂર્ણાંકોને અતિસંક્ષિપ્ત સ્વરૂપમાં લખો. (1) 0.5 (2) 0.15 (3) 0.35

15. નીચેની પ્રત્યેક જોડમાં કઈ સંખ્યા મોટી છે? ( 1 ) 1.54 કે 1.504 ( 2 ) 0.99 કે 9.9 ( 3 ) 1.507 કે 1.057

16. નીચેની પ્રત્યેક જોડમાં કઈ સંખ્યા નાની છે? (1) 8.67 કે 86.7 (2) 6.14 કે 0.614 (3) 6.35 કે 63.0

17. વિધિને 13 કિગ્રાની ખરીદી કરવી છે. જો તેણે 5 કિગ્રા 500 ગ્રામ ખાંડ, 3 કિગ્રા ગોળ ખરીદ્યો હોય, તો હવે તેણે કેટલા કિલોગ્રામની ખરીદી કરવી પડે ?

18. મીનાએ સવારે 4.250 લિટર અન સાંજે 6.750 લિટર દૂધ લીધું, તો આ દિવસમાં તેણે કુલ કેટલું દૂધ લીધુ?

19. ટીના પાસે 20 મીટર 5 સેમી લાંબું કાપડ હતું. તેણે પડદા બનાવવા માટે 4 મીટર 50 સેમી લંબાઈનું કાપડ તેમાંથી કાપ્યું, તો તેની પાસે કેટલું કાપડ બાકી રહ્યું ?

20. સહશિક્ષણ આપતી એક મધ્યમ શાળા (મીડલ સ્કૂલ) ની દરેક શ્રેણીમાં છોકરીઓની સંખ્યા આપેલ ચિત્ર આલેખમાં ચિત્રિત કરેલ છે: આ ચિત્ર આલેખનું અવલોકન કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો :

(a) કઈ શ્રેણીમાં સૌથી ઓછી સંખ્યામાં છોકરીઓ હશે ?


(b) શું શ્રેણી 6 માં શ્રેણી 5 કરતાં છોકરીઓની સંખ્યા ઓછી છે ?

(c) શ્રેણી 7 માં છોકરીઓની સંખ્યા કેટલી હશે ?

| વર્ગ | વિદ્યાર્થીઓની સંખ્યા | ◉ = 4 છોકરીઓ |
|---|---|---|
| 1 | ◉ ◉ ◉ ◉ ◉ ◉ | |
| 2 | ◉ ◉ ◉ ◉ ◖ | |
| 3 | ◉ ◉ ◉ ◉ ◉ | |
| 4 | ◉ ◉ ◉ ◖ | |
| 5 | ◉ ◉ ◉ | |
| 6 | ◉ ◉ ◉ ◉ | |
| 7 | ◉ ◉ ◉ | |
| 8 | ◉ ◖ | |

*** માગ્યા મુજબ જવાબ આપો. (દરેકના 4 ગુણ)** **[20]**

21. નીચે આપેલી આકૃતિમાં ઘાટા કરેલા ભાગને અપૂર્ણાંકની રીતે દર્શાવો અને તેમને ચડતા અને ઊતરતા ક્રમમાં "<","=",">" સંકેતમાં દર્શાવો :




22. રવિએ 5 કિગ્રા 100 ગ્રામ ચોખા, 2 કિગ્રા 20 ગ્રામ ખાંડ અને 10 કિગ્રા 850 ગ્રામ લોટ ખરીઘો, તો રવિએ ખરીદેલી વસ્તુઓનું કુલ વજન શોધો

23. શ્રેણી-6 ના 30 વિદ્યાર્થીઓની મીઠાઈની પસંદગી નીચે પ્રમાણે દર્શાવેલ છે : લાડુ, બરફી, લાડુ, જલેબી, લાડુ, રસગુલ્લા, જલેબી, લાડુ, બરફી, રસગુલ્લા, લાડુ, જલેબી, જલેબી, રસગુલ્લા, લાડુ, રસગુલ્લા, જલેબી, લાડુ, રસગુલ્લા, લાડુ, લાડુ, બરફી, રસગુલ્લા, રસગુલ્લા, જલેબી, રસગુલ્લા, લાડુ, રસગુલ્લા, જલેબી, લાડુ

(a) આવૃત્તિ-ચિહ્નો ઉપયોગ કરીને મીઠાઈ કોષ્ટકમાં ગોઠવો.

(b) કઈ મીઠાઈ વિદ્યાર્થીઓને સૌથી વધુ પસંદ છે ?

24. અઠવાડિયાના જુદા જુદા દિવસે બલ્બનું થયેલું વેચાણ નીચે દર્શાવેલ છે :




ચિત્ર આલેખ વાંચી નીચેના પ્રશ્નોના જવાબ લખો :

( a ) શુક્રવારે કેટલા બલ્બ વેચવામાં આવ્યા ?

( b ) કયા દિવસે સૌથી વધુ બલ્બ વેચવામાં આવ્યા ?

( c ) કયા દિવસે સરખી સંખ્યામાં બલ્બ વેચવામાં આવ્યા ?

( d ) કયા કયા દિવસે સૌથી ઓછા બલ્બ વેચાયા ?

25. નીચેના કોષ્ટકમાં શાળામાં જુદાં જુદાં વર્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવેલ છે :

| **વર્ષ** | 1996 | 1998 | 2000 | 2002 | 2004 |
|---|---|---|---|---|---|
| **વિધ્યાર્થીઓની સંખ્યા** | 400 | 535 | 472 | 600 | 623 |

A. એક ચિહ્ન 100 વિદ્યાર્થીઓ દર્શાવે તે રીતે આ વિદ્યાર્થીઓનો ચિત્ર આલેખ તૈયાર કરી, નીચેના પ્રશ્નોના જવાબ આપો :

( a ) 2002ના વર્ષના વિદ્યાર્થીઓ દર્શાવવા માટે કેટલાં ચિહ્નની જરૂર પડશે ?

( b ) 1998ના વર્ષના વિદ્યાર્થીઓ દર્શાવવા માટે કેટલાં ચિહ્નની જરૂર પડશે ?

B. દરેક ચિહ્ન 50 વિદ્યાર્થીઓ દર્શાવે તે રીતે બીજા કોઈ ચિહ્નને પસંદ કરી બીજો ચિત્ર આલેખ તૈયાર કરો. કયો ચિત્ર આલેખ વધુ માહિતીપ્રદ હશે ?

## Section D

*** માગ્યા મુજબ જવાબ આપો. (દરેકના 5 ગુણ)** **[25]**

1. એક વર્ષે કોઈ વર્ષે કોઈ એક દિવસે કેટલાંક શહેરોનું તાપમાન નીચે પ્રમાણે છે. માહિતીનો લંબ આલેખ તૈયાર કરો : પ્રમાણમાપ 1 સેમી = 5 °સે. તાપમાન લો

| શહેર | શ્રીનગર | અમદાવાદ | મુંબઈ | બેંગલુરુ | દિલ્હી | જોધપુર |
|---|---|---|---|---|---|---|
| તાપમાન (સેલ્સીયસ) | 24 | 40 | 31 | 33 | 41 | 42 |

2. હિમાંશુ બુક સ્ટોર્સમાં આ અઠવાડિયામાં વેચાયેલાં પુસ્તકોની માહિતી નીચે આપી છે : Δ=10 પુસ્તકનું ચિત્ર લઈ માહિતીનો ચિત્ર આલેખ બનાવો

| વાર | વેવહાયેલા પુસ્તકો |
|---|---|
| સોમવાર | 80 |
| મંગળવાર | 60 |
| બુધવાર | 75 |
| ગુરુવાર | 85 |
| શુક્રવાર | 70 |
| શનિવાર | 50 |
| રવિવાર | 45 |

3. છ ગામમાં ગાયોની સંખ્યા નીચે દર્શાવ્યા પ્રમાણેની છે : ⊕ = 50 ગાયનું ચિત્ર લઈ માહિતીનો ચિત્ર આલેખ બનાવો

| ગામ | ગાયની સંખ્યા |
|---|---|
| ગામ A | 400 |
| ગામ B | 550 |
| ગામ C | 225 |
| ગામ D | 300 |
| ગામ E | 250 |
| ગામ F | 200 |

4. પાંચ મિત્રોની ઊંચાઈની માહિતીના આધારે સ્તંભ-આલેખ દોરો.

| **મિત્રોનાં નામ** | **સુનિલ** | **અજય** | **ગીતા** | **રાકેશ** | **કાજલ** |
|---|---|---|---|---|---|
| **ઊંચાઈ (સેમી)માં** | **75** | **60** | **90** | **70** | **50** |

5. એક દુકાનદારે સળંગ છ દિવસ દરમિયાન વેચેલ ગણિતની ચોપડીઓની માહિતી નીચે દર્શાવેલ છે :

| **દિવસ** | રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર |
|---|---|---|---|---|---|---|
| **વેચેલ ચોપડીની સંખ્યા** | 65 | 40 | 30 | 50 | 20 | 70 |

તમારી પસંદગીનું પ્રમાણમાપ લઈ ઉપરની માહિતીનો લંબ આલેખ દોરો.

----- -----